ચંપક ચાતુરિકા નાટકના ગાયનો.

વાંકાનેર સત્યબોધક નાટક કંપનીને માટે

રચનાર.

રાવલ. ઉમીયાશંકર નાગજી.

આચાર્ય. મયાશંકર જયશંકર.

ગાયન પ્રસિદ્ધ કરનાર

રાવલ. શીવશંકર નાગજી.

શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કંપનીના

માલીક.

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ. અને

પેટલાદ "પારસમણી" પ્રેસ.

(સર્વ હક સ્વાધીન રાખ્યા છે.)

સંવત [illegible] અને સને [illegible] માહે સપટેમ્બર.

કીંમત. ૨ આના

ચંપક ચાતુરિકાના નાટકનો ટુંક સાર.

વસંતપુરના રાજા અજીતસિંહને એક ચંપકસેન કરીને પુત્ર હતો ચંપકસેનને બાલ્યાવસ્થામાં મુકી અજીતસિંહજી સ્વર્ગવાસી થયા પછી ચંપકસેન તેના કાકા કૃષ્ણસિંહના હાથ તળે મોટો થયો અને તેને માટે ઘણા ઘણા દેશોમાંથી નારિયેળ આવ્યાં હતા પણ ચંપકસેને વીસ વરસની ઉમર થઈ ત્યાં સુધી સ્વીકાર્યા નહોતાં.

ચંપકસેન—ને રાજ્યાભિષેક થતી વખતે સૌએ વિનંતી કરી કે આપને માટે કોઈ કન્યાનું નારિયેળ સ્વીકારો અથવા આપણા કોઈ માણસને આપ લાયક કન્યા જોવાસારૂ દેશાવરમાં મોકલો આવુ સાંભળી ચંપકસેન પ્રધાન બુદ્ધિસાગર અને હજુરી ખવાસ ગલજીને મોકલે છે (કેમકે ગલજી માહારાજનો ખાસ વિશ્વાસ પાત્ર ગણાતો હતો) બન્ને જણા ફરતા ફરતા ભદ્રપુરમાં ગયા ત્યા બુદ્ધિસાગરની બ્હેન દીવાળીનું ઘર હતુ તેને ત્યાં ઉતારો રાખી દીવાળીને સર્વ વાત કહી સંભળાવી ત્યારે દીવાળીએ પોતાની બેનપણી ચાતુરિકા વિષે વાત તેને જણાવી પોતે પણ ચાતુરિકા પાસે ચંપકસેનનો ફોટોગ્રાફ લઈને ગઈ

ચાતુરિકા—વિજયપુરના મહારાજા કેશરીસિંહની પુત્રી હતી કેશરીસિંહના મૃત્યુ પછી રાજ્યપાયમાલ થઈ જવાથી તેનો નાનો ભાઈ અભયસિંહજી ચાતુરિકાને લઈને ભદ્રપુરમાં નોકરી કરતો હતો અભયસિંહની સ્ત્રી કુમતિ ચાતુરિકાને દ્વેષ ભાવથી જોતી હતી તેથી અભયસિંહ ચાતુરિકાનાં ગમે ત્યાં લગ્ન કરી દેનાર હતા ચાતુરિકા

સુશીલ, સમજુ અને ભણેલી હતી તે આ સઘળુ જાણતી હતી તેથી તે રાતદિવસ દીલગીરી કરી પોતાનાં નસીબને ધિઃકારતી હતી એવામાં દિવાળી આવી શાંન્ત કરે છે તેમજ ચંપકસેનનો ફોટોગ્રાફ બતાવતાંજ ચાતુરિકા પોતાનું તન, મન, અને ધન અરપણ કરી પણ લીએછે કે એ પુરૂષ વિના અન્ય પુરૂષ ભાઇ બાપ સમાન છે એમ કહી દીવાળી સાથે પોતાનો ફોટોગ્રાફ મોકલે છે તે લઇ દીવાળી બુદ્ધિસાગર ત્યા મલજીને બતાવે છે બુદ્ધિસાગર ફોટોગ્રાફ જોઈ ખુશી થાય છે અને ગલજી આરતિ સમાન ચાતુરિકાને ફોટોગ્રાફ જોઇ તેપર આશક થાય છે અને ગમે તે ઉપાય કરીને એ સ્ત્રી પ્રાપ્ત કરવા એવો મનમાં સકંલ્પ કરે છે. અને બુદ્ધિસાગર સાથે તકરાર કરી વસંતપુરને જતાં ત્યાંજ રહે છે.

બુદ્ધિસાગર—દીવાળીની વાત સાંભળી વસંતપુર જવા તૈયાર થાય છે કેમકે ચાતુરિકાનાં બે માસ પછી લગ્ન થઈ જનાર હતાં માટે મહારાજાને લાવી ચાતુરિકાનાં ગાંધર્વ લગ્ન કરી બે માસ અંદર લઇ જવાના વિચારથી ચાલ્યો ગયો.

મલજી—ચાતુરિકા પર મોહીત થઇ ત્યાંજ રહ્યો હતો તેણે બુદ્ધિસાગરને રોકવા એક ઝીણા નામની જાદુગરી માલણને મોકલી તેણે જાદુના બળથી દોઢ માસ બુદ્ધિસાગરને પ્રપંચ જાળમાં ફસાવી રાખ્યો અને એક જોગીનું અકસ્માત આવવુ થવાથી ઝીણાના જાદુથી મુકત થયો ત્યાં પાછળ રહી ગયેલા જમાદાર વીગેરે માણસો આવી મળ્યા ઝીણાને પકડી શીક્ષા કરી છોડી દીધી બુદ્ધિસાગર મુદત વીતી ગઈ એમ જાણી શરમ ને લીધે વસંતપુર નહી જતાં મહેલ જાવાનું

દઇ પાછળ રહી ગયો અને માણુસોએ જઈ ચંપકસેનને સમાચાર સમજાવ્યા બુદ્ધિસાગરને વિચાર થવાથી કોઇને ખબર સિવાય પોતાના ઘરમાં આવી ભરાઇ બેઠો.

અંક ૨ બીજો.

ચંપકસેન—નેગલજીના નિમકહરામપણાની અને બુદ્ધિસાગરની ખબર મળતાં દિલગીરી કરતો બુદ્ધિસાગરના ઘર પાસેથી નીકળે છે ત્યાં બુદ્ધિસાગર ચાતુરીકાનો ફોટોગ્રાફ અગાશી ઉપરથી ફેંકે છે તે જોઈ રાજા ખુશી થાય છે અને બુદ્ધિસાગરની તમામ હકીકતથી વાકેફ થઈ ભદ્રપૂર જવાની તૈયારી કરે છે.

કુમતિ—ચાતુરિકાની દાઝી અને અભયસિંહની સ્ત્રી થાય તે ચાતુરિકાને દુઃખ દેતી હતી તેમજ વળી ગલજીયે ચાતુરિકા મેળવવા સારૂ કુમતિને કેટલીક રૂશવત આપી સમજાવી હતી જેથી એક દિવસે ચાતુરિકાને એક દેવ મંદીરમાં ગલજીની રૂબરૂ અચાનક લઇ જાય છે ત્યાં ગલજી—હામ—દામ—અને ઠામ બતાવી આજીજી કરે છે પણ ચાતુરિકા સમજતી નથી અને ગલજીને ધીક્કારી ચાલી જાય છે.

ચંપકસેન—અને બુદ્ધિસાગર બંન્ને ભદ્રપૂરમાં આવે છે ચાતુરિકાને ખબર થતાં સારી તક જોઇને ચંપકસેનનને મળી અને રાત્રીના બાર વાગ્યે સટકી જવાની સંતલસ કરી પોતાને મહેલ આવે છે. જીતુવિ મજણ્યું કે બુદ્ધિસાગર ક્યાં રૂસી રાજા પાસે છે ત્યાં

સુખો ફાવી શકાશે નહીં તેથી વેશ બદલાવીને ત્યાં રૂદન કરવા લાગી તે સાંભળી રાજાયે ક્ષત્રીની રીત પ્રમાણે બુદ્ધિસાગરને તેનુ દુ:ખ સાંભળવા મોકલ્યો ઝીણાને કાંઈ દુ:ખ તો હતુ નહીં માત્ર રાજાને વ્હેમ બેસાડવો હતો તેથી મોં નહીં બતાવતાં કાંઈ મશ્કરીની વાત બુદ્ધિસાગરના કાનમાં કહી તેથી બુદ્ધિસાગરને હસવું આવ્યુ અને ઝીણા પણ હસીને ચાલી ગઈ આ જોઇને રાજાને વહેમ આવ્યો અને બુદ્ધિસાગરને ધિ:કારી કાઢયો.

ચાતુરિકા—પોતાના ખાનગી હોલમાં સ્ત્રીની રીત પ્રમાણે પોતાનાં સારાં સારાં વસ્ત્રાલંકાર લેવામાં ગુથાઇ હતી તેવામાં ચપકસેન આવીને જુવે છે તો ચાતુરિકાને દીઠી નહીં તેથી પોતાનો ઘોડો એક સીગોર નામના સાદીને સોંપી ઉપર જાય છે પણ ત્યાં ચાતુરિકા નથી તેથી બધે તપાસ કરે છે. સીગોર ઘોડાની ચાલાકી જોવા સ્વાર થાય છે તેવામાં ચાતુરિકા પુછ્યા વગર હવામાં સીગોરને પછવાડે ઘોડા પર બેશી જાય છે તેવોજ ઘોડો ચાલી નીકળે છે (જાતવાન ઘોડો બત્રીસ લક્ષણા માણસ વિના ચાલતો નથી તેથી જ્યારે સીગોર બેઠો ત્યારે ચાલ્યો નહીં પણ ચાતુરિકા બેસતાંવાર ચાલી નીકળ્યો) ઘણીવારે ચપકસેન બહાર આવી જૂવે છે તો ચાતુરીકા સીગોર કે અશ્વ કોઇ નજરે પડતુ નથી તેથી દીલગીર થઇ ચાતુરિકાને શોધવા નીકળી પડે છે.

ગણજીને ખબર પડતાં લુંટારાને તેને પકડી પાડવા મોકલે છે અને પોતે પણ ચાતુરિકાને શોધવા નીકળી જાય છે.

———0*0———

અંક ૩ ત્રીજો.

ચાતુરિકા—સવાર થતાં સીગોરને જોઈ વિસ્મય થાય છે પોતાની મુરખાઈને ધીકારે છે અને ખુબીથી પુરૂષનો વેશ પહેરી નીકળી જાય છે ત્યાં પણ કર્મ જોગે ગલજીના મોકલેલા લુંટારાઓ મળે છે પણ તેઓ તેને ઓળખી શકતા નથી તેથી માત્ર લુંટી એક ઝાડ સગાથે બાંધી ચાલ્યા જાય છે ચાતુરિકા આવાં અસહ્ય દુખમા હતી તેવામાં મનહરપુરનો એક બ્રાહ્મણ આવી તેને છોડી અને પોતાને ઘેર લઈ જાય છે (હજી સુધી ચાતુરિકા પુરૂષનાજ વેશમાં હતી) તેના કમ નસીબે ત્યાંપણ માથે વિષનું તહોમત આવી પડે છે તેથી પકડી સરકારમાં લઈ જાય છે

ચંપકસેન—ઘણા દિવસે તેજ શહેરમાં આવી ચડે છે ત્યાં એક વાણીયાની દુકાને નોકર રહે છે અને તેનાપર પણ વિષ વેચવાનું તહોમત આવી પડવાથી સરકારમાં લઈજાય છે

ગલજી—ચાતુરિકાને પકડી પાડવા ઘણા વલખાં મારે છે પણ મળતી નથી છેવટે રખડતો રખડતો તે પણ તેજ શહેરમાં આવી ચડે છે તેને જુગારમાં મારા મારી થવાથી ઘાયલ થાય છે અને સિપાઇઓ પકડી સરકારમાં લઇ જાય છે

બુદ્ધિસાગર—અહીઆં (મનહરપુમાં) આવી રહેલ છે તે આ વખતે જડજની જગોપર છે ત્યાં ગલજીનો ઇન્સાફ થતાં ગલજી ઓળખાય છે અને ગલજીને પોતાનાં કૃત્યનો બદલો મળ્યો છે એમ જણાવી ફાંસી દીયે છે ચંપકસેન અને ચાતુરિકા વિષના તહોમતમાં પકડાયા છે તેના ન્યાય થતાં એક બીજાને ઓળખે છે તેમજ

ત્યાંના રાજા કનકસેન આ સર્વ હેવાલ સાંભળી આશ્ચર્ય થાય છે અને તે બંનેની દક્ષતા તેમજ પરસ્પરનો પ્યારા બુદ્ધિસાગરનું સ્વામી ભક્ત પણું જોઈ ખુશી થાય છે ચંપક ચાતુરિકાનો સ્વયંવર આસ્થળેજ થાય છે તેથી દંપતિનું જોડું સુખમાંકાળ નીર્ગમન કરે છે

અહીં [ખેલની સમાપ્તી થાય છે.

શ્રી સત્યનારાયણ સત્ય છે.

ચંપક ચાતુરિકાના નાટકના ગાયનો

૧

મગન થયુ મનરે ખુબી કારક ખુબ ખુશાલી;
નૃપતિનો જનમ દીન આજે સૌ ઘર ઘર મંગળ છાજે. મગન
દ્વાર દ્વાર દરબારમાં બાંધે બંધન માળ
ગીત મનોહરર ગાય ત્યાં કોકિલ વયની બાળ
સચરાચરનું સુખ સારૂં ભૂપ ભુવન પ્રભા પરવારૂં મગન
મણિ માણેક અને મોતીના ચોક પૂર્યા ચતુરંગ
પરમ પતાકા પરખીને ઉર પામે ઉછરંગ. મગન.

૨

બાપા રખે સળવતા રીહ. એ. હે.
મારી માડી મને મારીને પાડે ઉલટી સીંહ. એ. હે.
ઢાલાવાળા મેં કીધા ધંધા પણ ઝાડીને કાંઈ ગમસે

આધારખે સડાવતાસીંહ એ હે
મારીમાડી મને મારીને પાડે ઉલટી સીંહ એ હે
કાલાવાલામે કીધા ઘણા પણ ગાંડીને કાંઈ ગમરે
ધોકો લઇને ધડ ધડ ધડ
હવે જુઓને જવાબ દેશે ઝટ ઝટ એ હે
એ ખોટા ખોટા ઓ બાપા જોજો
કજીઓ દાડી પંડ કરીને બારે દેશે બીક

૩

આમ ઉપર કરોન સોકરા તણુ તમે
સોકરા તણું તમે મારૂ દીલડું દમે. આમ
આટકસાળો સે આપણો સંગો
ગાળો દેશે તે લગાર ના ગમે આમ
ઘરનું તો કામ કદિએ નથી કરતો:
રખડેલો સાથ રાત દિવસ રમે. આમ
આપણો કહ્યા નથી આવડતો એને
હારૂ હારૂ જમરાઇથી જમે આમ

૪

અલી હાંભળ કહું વાત હાસી
કળજગ પ્રેમદાની કળજગ પ્રેમદાનીરે હાંભળ
ઘરના ધણીને મારે ધોકલેરે લોલ
પાડોશી પર ભાવ ભારી:
દિન હાકુને મારૂ રાત દિવસ અપાર હાંભળ

ખાવા દીયે ન કદિ ખાંતથીરે લોલ
રોવાવસે રાત દાડો
દીયે દારૂણ દુઃખ બળી જાઓ એનું મુખ   હાંબળ
કુંવારાને ખુબ લેરશેરે લોલ
પરણ્યા પસ્તાય મનમાંહી
બાપા હાસું કીગોસ ભીખ હોને દીગોસ   હાંબળ

૫

ઉભીરે રાંડ તને બંધાવું માલનો મોટલો
જમી ઉપર હું પસાડું ઝાલી સોટલો
બાપા ...... બસ ... બસ (૨)
વના વસારે થયા સૈયાની ડાર હું
હારા દેખાઓ છમ કરો અમારૂં જોર હું
હું સું અબળાળાની જાત (૨)
રોડુ બાળેસે ફોકટ મને શીદ ફાવડી
વસાર વસાર કેમ બેહેકી ગઇસે આવસે
બોલો ... જેમ ... તેમ ... ચેમ (૨)

૬

અરરર કર્મની ગતી વિચીત્ર છે અતિ.
વિધાતાના વિકારથી મુંઝાય છે મતી
માત તાત ભ્રાત સ્વર્ગમાં ગયાં અરે
ઝાઝી માલચ હૈયાની હામ સૌ હરે

સેવકના દયા ધરે કલેશ બહુ કરે.

૭

જય જગ કરતા જય જગ ભરતા ખગ ધર નગ ધર જય ધરજે
ઉર ધરી અરજી આ કીંકરીની સુખ કર દુ:ખ હર દુ:ખ હરજે
શરણે તારે ચડય મુજ વારે જગ પતિ મમ શિર કરધર ધર.

૮

બનો સયર શું આવાં અધીર ધરો ધીર (૪)
દુ:ખ દુર કરીયેં શ્રી હરી સમરીયે (એન)
સહુ સુખ સુખદ શરીર સખી સુણય સહુ
નેણે નીર ભીંજે ચીર આ શરીર વાગે તીર
તકદીર છે અમીર તકદીર છે અમીર
નહી સમજીને સખી બનો અધીર. બનો

૯

દુ:ખમાં પડી હું હાય ! કરશી નહીશું
કર શ્યો ઉપાય લાગે લાય ન રેવાય હાય દુ:ખમાં
તાત માત સૌ ગયાં વિસારી બની દશા દુ:ખ દાયક મારી
પલ પલ ઉર અકળાય મગજાય મમ કાય અરે હાય ! દુ:ખમાં

૧૦

ફર્યે નહીં ચીંત્યા કાંઇ એની (૨) મોદ ભરી મનમાંઈ એની.
સફળ કાજ સૌ તારૂં થાશે સંકટના દિન સરશે ભારી.
સુખ થશે સમુદાય એની

મન વાર્યો મન ભાવન મળશે દુઃખ દાવાનળ ઇશ્વર હરશે
જશ પામીશ જગમાંહી બેની   કંઇ નહિં૦
રજા લઉંછું હું હવે બેની ધીર ધરીરે ને મૃગનેની
હાલ્યે આવીશ આંહી બેની   કંઇ નહિં૦

૧૧

જાણી મેં આજ નાદાની તમામ તારી જાણી
પુત્રી પ્રમાણે જાણી ઉછેરી દયા આણી
જાણીતી મેંના શાણી મદમાં શું મુર્ખ ભરાણી
કૃપાળુ માત કૃપાનાં તજે શરણાંગત જાણી
સેવુંછું સ્નેહથી સદાય ચર્ણું માતુ મારી
આજ્ઞા હમેશ પાળુંછું હૈયામાં હર્ષ ધારી
રાખે ન મારી પરવા
... ... તત્પર છું સેવા કરવા
શાખી શું વ્યર્થ ઉચરવા
... ... કંકાસ કરો શું કરવા
હું દીનદારા સ્વધર્મ ધારા પાળું સાર
પ્રપંચ તારા મેં સરવે લીધા છે જાણી

૧૨

બાનુ આશરે છું આપને આજ મારો કે ચાહતો ઉગારો—બાનુ
આ તન મન અને ધન તણા અધિકારી છો આપ
ગણું વિમુખ જો તમ થકી લાગે મારે શીર પાપ   બાનુ
આપ ગ્રામોવડ અવનિમાં અવર પીછે નહીં એમ

મગન રહું મનમાં મહા આનન તમારૂં જોઈ. માનુ

૧૩

બક બક શાને કાજ કરે આજ આતે શું કહેવાય
અરે ક્રૂર કરે દુર તારૂં મુંખ દીગે દુંખ
અરે તારૂં દરશન કરવાથી સુકે છે મારી કાય બ.
તારી સહુ પ્રીત જાણીમે ખચીત
અરરરર હાય મારા ઉરમાં લાગે લાય. બક.

૧૪

કરે કેમ કામની ક્રોધ કલેશ
દયા તજી દિલમાંથી કરે કેમ દીકરી ઉપર દ્વેશ
કાય દી એ દીકરી નથી કરતી તાહરો ગુનો લગાર
અરે તું લગાર દયા ઉર ધાર નમેરી નાર
હાર્યો કહી હું તને બહુવાર
માન્ય માન્ય તજી ગુમાન કર વિચાર કંઈ ગમાર
કરૂં પોકાર કરે શું અન્યાય જોયો નહીં જાય
ઉર અકળાય અરે હાય! હાય! કેમ.

૧૫

જાઓરે આવું કરવું કંય ન ઘટે તમારે
આખિન તારે પૂરણ પ્યારે
જાઓ પ્યારે પ્યારે (૨)
શાને ધારે વ્હેમ લગારે વારે વારે. જાઓ.

અંતરમાં શું આમ વિચારે આશુ ધારે દેશી બારે
હું પડિછું હાથ તમારે
તુ શાને હીમત હારે
હાય ! મરવુ પડશે મારે જાઓ

૧૬

સુખકારી દુઃખહારી મળી નૃપ લાયક નહીં નારી
ચંદ્ર છબી હારી સુખકારી
ઘણા દિવસ દેશાન્તર ફરિયા મસ મમતા મનમાં ધારી
ગતિ વિપરીત થઇ મતિ મુરઝાઈ ગઈ દુઃશહ દશાની દુઃખકારી
ઉપાય સૂજે નહીં શું થાય હર હર ભારી ખ્વારી.
કુણિયલ વિર ગભરાઓમાં ઉરમાં આપ લગાર
નીરજનુ ફળ આપશે કષ્ટ હરણુ કીરતાર
ઓ પ્યારા ખેદ ન કરીયેરે તમે બનોરે સધીર
દુખકારી ભારી ભારી ભારી ખેદન કરીયે રે

૧૭

ગો સફળ શ્રમ થયા સુખદા કનડે નહીં કલેશ હવેથી કદા
ગયા દિવસ દુર સહુ દુઃખદા જગદીશ સાનું કુલ સંતસદા
અતિ મોદ મહા મનમાંઇ યદા ટળ્યા તનના તાપ ત્રિવીધ તદા
આજનો દીન આનંદકારી સમાચાર સાંભળશુ સુખકારી
સુજશ પાત્ર પ્રભુ આ ઘડી મારા પ્રીય બાઇ ગો.

૧૮

રજા દીયો આજે (૨) એનીરે. રજા

માંગી માફ કહુ કર જોડ રજા;
ઘણા દિવસ થયા ગામ છોડયાને
ચીત્યા છે ચિત્તમાંય ગમે ન મુજને ક્યાંય રજા.
ખુશી ખબર જલદી ભૂપને. દેવા
ઉત્કંઠા અપરંપાર થાય છે વારંવાર રજા.
બે માસ અંદર અહીંઆં આવીને
કરતું છે સારૂ કામ હૈયે ધરીને હામ રજા;

૧૯

મનો હર મુરતી તારી ક્ષણું વિસરે ન વીસારી.
નીરખી છે જ્યારથી નારી પડ્યો છું પ્રેમ વશ પ્યારી
મને એવી લગની લાગી બનું સુખનો ભાગી
કરી મેહેનત મન ધારી પ્રીયા તુંજને કરીશ મારી
બની જોડી સરસ સરખી પ્રીતીની રીત મેં પરખી
નથી રહેતી ધીરજ ધારી કહું શું વાત વિસ્તારી

૨૦

ના છોડુ હું એ નાર (૨)
ચંદ્ર મુખી મૃગનેની મનોહર રૂપ ગુણ પારાવાર ના!
ગજગમની કલકોકિલ વેણી ઉત્તમ તન આકાર
તિલોતમા રંભા રતી સતીનો ગર્વ સર્વ હરનાર ના!
રસે રસાલી સુંદરી શાણી સદા શાંન્ત કરનાર
આ ભવસાગર વિના પ્રયાસેં તારીને તરનાર

તમે ફિકર કરો ન લગાર

મુદ ધરી મનમાં રહો મમનમાં અરજ શ્રવણ ધરી લેજો થાય
કામ તમારૂ સર્વ સુધારૂ એ પણ ધારૂ હામ ધરો.
દુ:ખ વિદારૂં હામ ન હારૂં બોલ ઉચ્ચારૂં સર્વ નકી
મંતર જાણું જંતર જાણું તંતર જાણું અપરંપાર
થાઓ કાંરે અધિર જાઉં ... જાઉં ... તમે

૨૨

કરૂં સહુ જ કાજ સૌ આજ હું
નિમકહલાલી બે દાક બનીને
ઉત્તમ અગણિત યત્ન કરૂં
મમજાદુનો મહીમા મહિપર
વિસ્તારૂં અભિમાન હામ ધર
આધન વનથી વિકટ વિધનથી
સચીર જાઈ શકે નહીં ઘર

૨૩

જ્વાલ જાગી જ્વાલ રગ રગ પરધરી રાવ
હજુરીયે બોલ્યું નામ કર્યું હરામીનુ કામ
રહ્યો ધરી ક્રૂર હામ એ પાપી ત્યાં
પરમ ધરમ સૌ ખોઈ ખોયું હાલ
નજર ધરી બદચાલ ... ... જ્વાલ
કરો નહીં કોય કદિ નિચની પ્રતિત
નીચ તે તો નીચ કરે અનીતિ ખચીત

ધરમ ઉપર ચિત્ત કરે નહીં કદિ પ્રીત
અરે મુજ ઉર મહીં થાય અતિ ખેદ સહી
ઘડી ઘડી પલ પલ કઠિણ કરાલ જવાલ

૨૪

જાઉ બદન ઉપર બલિહારી ભલે પધાર્યા મદન વિહારી
સરસ મળી તક સુખકારી ... ... જાઉ
આવો આવો પ્રીત્તમ આવો.
રંગે રમશું અધિક ઉમંગે અલબેલ અનંગ ઉછરંગે
સ્વામી સંગે રહીશું સંગે વિનોદ વિધિ વિધિ વિસારી

૨૫

મોહ મોહ નીમરી (૨) જાણી તને દુર દુર મુજથી
કપટ પ્યાર કોને બતલાવે નાહક નેણુ નચાવે
એવો કોણ અકર્મી હોય કે તારી પાસે આવે
શીર કલંક ધરી શીર કલંક ધરી જાણી
વાલમ આવા બોલ ન બોલો હું નહીં એવી નાર
ચુપ કરી ચાલી જા નિચતુ નાશી જા
લાજે નહીં કેમ કામની જરી ... ... મોહ

૨૬

કંથ મનમાં છું મગનમાંરે લળિ લળિ હું લાગુ પાય
પધારો પધારો પીયું આ મહેલ અંદર મજા કરો મન ગમતીરે
રીયે બહાર અહો નિશયાર
કકળી સમ રખું આજ તમોને તન મન ધન પીયું તન મન ધન

મારા અંગમાંય ઉમંગ નમાય   કંપે

૨૭

પ્રીયા મનહરની (૨) દુઃખની જતનની મનની ધનની
સુંદરી સુંદર તવ મુખ શોભે વિધુ વત મધુરત કરની પ્રીયા
મખમલ અમલ કમલ દલ કોમલ તદ્દ વત્ કાયા તારી
એ કાયાપર મમ મન આશક જેમ મધુ માલતિ નારી પ્રીયા

૨૮

ધુતારીયે મને દુઃખ દીધુ અપાર અપાર અપાર
હે જમાદાર મારોને માર વિચારશો નહીં હવે લગાર
વિનવી વિનવી મારી માગુ પાય લાગુ આપને હું
ચુપ બોલ્ય નહીં   માર મારો સહી
આવ્ય છુટ્ટી અહીં   શીદ રોકી રહી
પાપી છે એ વ્યભિચારણી નાર
હું શરણે છુ દિન બંધુ કરો ક્ષમા ગુનો ગુણ સિંધુ
છટરે   હટરે   ફટરે   ફટરે
રે દુરાચારણી દુર અરે   ...   .
...   .   ખાવિંદ ભૂલ્ય કાંઈ છે ખરે
માર   ખાય   જાર   યાર   ધુતારીયે

અંક ૨ બીજો.

૨૯

દેવ આણું કીધુ તે આવાર પ્રધાન મારો પ્રાણથી પ્યારો
મુજથી ન્યારો તે સુનો લાગે એ વિના સંસાર દેવ
હે જગ સ્વામી અંતરયામી અમર અનામી અગણિત નામી
કેશવ કામી અજર અકામી શુભ ગુણગ્રામી નાથ નમામી
સંકટ કાપો સુયશ થાપો ને સુખ આપોરે
કરૂણા કરી અને કીરતાર દેવ

૩૦

મનહર આ છબી વાળી મન માહરે વસી
જેના મુખ મંજુ આગે (૨)શરમાય છે શશી
મોતીથી માગ પૂરી રહી છે જોલસી
યમુનાના જળ માંહો (૨) જેમ ગંગાજી ફસી મનહર
જાણે આ મ્રગનૈની મુખ બોલશે હસી
મળે આ માનુની તો (૨) ફીર ન્યુનતા કસી મનહર

૩૧

સુણો વિનંતી સદગુણી નૃપાલ મારીરે
લ્યો સ્વીકારી લ્યો સ્વીકારી લ્યો સ્વીકારીરે સુણો
દેખ્યા મેં સરવે દેશો વળી વિવિધ પ્રકાર વિદેશો
ઉરનૌન મટયો અંદેશો આપ યોગ્ય દેખી નહી કોઈ નારીરે-
સુણો

શિક્ષાત સદા સુખકારી તવ લાયક એક નિહાળી
આ સુદર રાજ્ય કુમારી આપનો સબંધ કીધો છત્ર ધારીરે-
સુણો
એક ન્યાયે પણ કીધુ તવ રૂપ રસાક સ્વતથીધું
તન મન ધન તમને દીધું પ્રિતમ પ્રવીણ આપને વિચારીરે-
સુણો

૩૨

સાંભળી સુખેથી પ્રીતી થકી તારી વાત
થયો આજે આનંદ અગાધ ટેક
રંગ તુને રંગ તુને રંગ છે પ્રધાનજી
અહોમમ પ્યારા સદ્‌ગુણ તારા
નીરખી મગન થયો ભ્રાત તેને કીધાળી ભલે ભાત
સુખ સત્ વિશ્વ સત્ સુખદ દિવસ છે
મન તન મારૂં સુખ વત્ સારૂં
કામ પુરૂ થયું સૌ આજે હું જાઉ હવે પરભાત

૩૩

કાહુ કાહું (૩) ક્યાંક એ છોડીને હવે કાહુ
દેખુંશું એને નયન થકી હું ત્યારે તુંબળ છે દુઃખં ગાહુ-
જશે ત્યારે એ ભાગ્ય પરખાયા ત્યાર ગયા તમ ભાર દ્વા

૩૪

મરી મન હામ કરૂં તમારૂ હું કામ
શોક તજોને તમા દુઃખ દૂર કરી (૨)
ધરો બાઈ ધીર સાથ થાશે રઘુવીર
કેમ બનોછો અધિર ખાલી ખેદ કરી (૨)
કામ થશે અરે સખી કામ શુભ થશે બેન
ધરો ચિત્તમાંહી ચેન વાત ખરી કહું (૨)

૩૫

નિશ દિન ડરમા ઝુરી દુઃખ સરમાં
અરે શું કરૂં હું અરે ગમે નહિં ઘરમાં ટેક
મુંઝાઉં રૂંધાઉં મહા ચેન નહીં ચિત્તમહીં
યાવત આવત દુઃખિ હું અહો વિનુ મિન જલવાના

૩૬

મારા હૈયા તણો હાર તું છે પ્યારી દીકરી
પાળું પ્રીત હું ખચીત તારી સાથ ખરેખાત
વ્હાલી દેખું મુખ તારૂં સહુ દુઃખ દમનારૂં
મન તૃપ્ત થાય મારૂં તું થી બીજું કોણ પ્યારૂં
તારા મન માંય ચિંતા કરવી ન કાંય
આને ફિકરમાં ફરે ખેદ કેમ કરે
હું તો તારા સુખે સુખી તારા દુઃખે દુઃખી

સદાય ચાહું સુખી નહિ જાણ્ય વિઠુમુખી   મારા

૩૭

ફરે પ્રીત થકી માત પીતાની સેવ

તેજ છોરૂ જગ મહી ફરતી મેળવે સહી

સુખિ તે સદાય રહે આનંદ અપાર લહે—   ફરે
અતિ ભવજલ જેહ વિનાશ્રમ તરે તેહ

જગ પ્રિય એહ અતી વિમળ એહની મતી

ઈશ્વર પણ એના પર રાજી સકળ શ્રષ્ટીમાં એજ અભેવ ફરે

૩૮

બાઇયો અમને જોગીડે કીધાં ઘેલાંતુર

જોગીડે કીધાં (અને હાંરે) અતિનડે કીધાં ઘેલાંતુર   બાઇયો
ચણ્યાયાછે દેવળ તેનાં અધર ધર્યા પાયા રામ તુહીરે ધણી તુહી.
કાંકરાં નથી તેનાં મૂળરે ... ... બાઇયો
નજર કરીને જ્યારે મારા સામું જોયું રામ તુહીરે ધણી તુહી
નેણમાં વરસે ઝીણાં નૂરરે ... ... બાઇયો

ફેરે વખત નીરાસે કે ફુતો ચડાવી રામ તુહીરે ધણી તુહી
કરમાં કીધી ચક ચુરરે ... ... બાઇયો

ગુરૂને પ્રતાપેરે મીરાંબાઈ બોલ્યાં રામ તુહીરે ધણી તુહી
મરણમાં ખડીયું હજુરરે ... ... બાઇયો

૩૯

આપ્યુ આપ્યુરે મને સુખ શ્રી હરી
કાપ્યું કાપ્યુરે કષ્ટ કરૂણા કરી
મળી મળીરે જેથી ઝીણુ જાદુગરી
હરી હરીરે મારી વેદના હરી
હમણા લાવશો એ નારીરે
મૃગલોચન મદ હરનારીને
ચંદ્ર છબિ અનુસરનારીને
રૂપ રતિનું હરનારીને
ઝાલીને હાથ. વા. વા. વા.
લઈશું સાથ વા. વા. વા.
મળી તે સંગ વા. વા. વા.
રમશું સંગ વા. વા. વા.

૪૦

નમુ વિશ્વના ધીશ હું પ્રીતથી નમુ હે આલી: નીતથી
ત્રિભુવપાલક નામ સમરૂં ખચીતથી ચીતથી હીતથી પ્રીતથી.
મમ મનોરથ સાર્થ ઈશ્વર વિશ્વપતિ પ્રીતથી
સારંગ ધનુષ્ય ધરણ બહુનામી ભક્ત ઉદ્ધારણ જય જગ સ્વામી
દાનવ ગંજન અજર આમી ભય ભંજન પ્રભુ પ્રણામી
પિત અંબર પ્રિતથી પ્રિયકારી નૌતમ નેણથી

સુદરાકૃતિ સરસ સૌથી ચંદથી આનંદથી— ત્રિશ્ર.

૪૧

પ્યારી છબી સારી સુખકારી તારી તારી
દુઃખ દમનારી પ્યારો પા અધર સુધા (૧)
પ્રીયા થઇ પ્યારી હવે ચાલ્ય સંગ મારી
શેઠ તજી તારી નારી ખુબ મજા કરે (૨]
અભય કરૂં સંકટ હરૂં સત્ય ઉચરૂં ત્રિયા તુજને વરૂ
મેહેર કરિ શું નિશદિન આપણુ પ્રાણપ્રિયા તું સમજી જા.
સુખ પામીશ... ... ...
... ... ધીક ધુત્તા
પ્રીયા મુજથા ... ...
... ... દુર ગયા.

૪૨

જાર જાર (૨) ઓ ખર ઇશ્વરથી ડર અતર
નીકળ અહીંથી બાર દઉં તને ધીઃકાર
હુ છું નીરાધાર એવું ઉરે ધાર
ધારે છે વ્યભિચાર છે ધીઃકાર ધીઃકાર
એવું વદે નહી નાર ... ...
... ... દુર રહે ગમાર
ખાર વીરે [illegible] [illegible]

૪૩

દુર દુર રેવુ દુર કુકર્મી કુપાતર કુર
નિમકહરામી બની જરૂર આ શું વિચારે છે ઉર
છે તુ પાપી પુર કેમ કરે મગરૂર કાફર કુર જાતું દુર

૪૪

ઓડી દે હઠીલી હઠ તારી સલુણી ચાલ્ય મારી સગાથે
મારી સંગાથે ખુબ ખુશાથી સાથે   ટેક
શશિ મુખી તુ સમજી જારે શ્યામા આવા વિચારશાને
ખુશ કર્ય મુજમંન

… … ચુપ … ચુપ … ચુપ
માની જાતુ
… … … છટ… છટ… છટ
દુઃખી થામાં
… … … ફટ … ફટ … ફટ

૪૫

યે વાર બંધુને અતી અરે શી ગતી
નવ સૂજે કાંઇ ઈલાજ પ્રભુ તુજ ખોળે છે લાજ
રહેવાતુ નથી દીન રેન ચીંતે. નહી ચેન
તજી ઘરનં પ્રગજ સમજી નિત્યે વરસે નીર નેન ચીંત
ચારણ નાન નંદ સ્વરૂપ. અંતરમાં લાગે લાય

ચિત્ત ચીંતાતુર નિત્ય થાય બહુ મુઝાયે મમમતિ
સુખના રતી..........પૈચાર

૪૬

આવી છું ઉમંગથી વધામણી દેવાને બાઈ
ભૂપની સંગ આંહી આવે છે તમારા ભાઈ ટેક
વધાવા કાજ મુજ બેન ભરો થાળ મુકતાના બેન
તત્પર થાઓ સત્વર સહી નહિ વિલંબ કરો મુજ બાંધ આવી

૪૭

સુણી ખબર સુખદાન (સખીઆ) સુણી
અંગમાં ઉમંગ ન સમાય સખી મારે
પધારે છે નૃપને પ્રધાન (સખીઆ) સુણી૦
મન મમતા પરિપુરણ થઇ મુજ સુખ સંપતિ હું પામીના
દાન સુણી૦
પહોંચી મનની સઘળી હામ જાણે કંચનનો ઉગ્યો ભાણ સુ૦

૪૮

કઠણ જમાનો કલિયુગ આવ્યો પુન્ય ન્યુન કરવા
નિમક હરામી નોકર બેઠા અધર્મ આદરવા ટેક
ધર્મ ન જાણે શર્મ ન આણે પાપ પ્રમાણે મમતા માણે
ઝેરજ જાણે વેર વખાણે પર વનિતા વરવા ... ... કઠણ
એ જોઇ ઉરમાં આગ ઉઠે છે હૈયું દમે છે શોક સમે છે
ઉગ્ર નમે છે

અરરર મુજ ઉર ઘર ઘર ભરપુર હરિ હર જગપર સુખ કર
દુઃખ હર
પરિ હર સંકટ વિશ્વપતી તું મોદ ભુવન ભરવા ... કહ્યુ

૪૯

અહિં આવીરે ક્યાં ગઇ એ અલબેલી
નિરખી નૌતમ નેન થકી (એ) મદન બાણુ ગઇ મેલી ટેક
જાણે મનોહર કંચન વેલી આનંદ યુકત ઉગેલી અહિં
ચંદ્ર મુખિ ચિત્ત ચોરી ગઇરે ! યોવન રંગથી રંગેલી અહિ

૫૦

[illegible]ખી પ્રીયા મુખ મંજુલ તારૂ તૃપ્ત થયુ મન તારૂણી માઃ
પ્રાણુપતી જાઉં તમ પરવારી પ્રીતમ પાવન કીધી પધારી
સુખ દીધુ સુખમા કર સ્વામી ... ...
... ... વ્હાલી તેં વીરહ વેદના વામી
પ્રાણુપતિ હું છું દાસી તમારી ... ...
તુ તો પ્રીયા મુજ પ્રાણુથી પ્યારી છે પ્રી[illegible] મારા
હું બલિહારી ... ...
... ... [illegible] અતી
પ્રાણુપતી ... ...
... ... [illegible] પ્યારી
[illegible]

... ... ઉર ઉમગે

આશીશ સગે ... ...

૫૧

પ્રીયા પાણી પરસ તુજ કરી ચંદ્ર મુખી થાઉં સુખો
રહુ સદા સગે પ્યારી સુખ કરી દુઃખ હરી
નેણુ મારી પ્રાણુ પ્યારી ચિત્ત ચોરી લીધુ તેં
ઓ પ્યારી સુખકારી તારી પ્યારો વાણીથી મહા મગ્ન છું

૫૨

પધારો પ્રાણુ પ્યારા હે આંખોના તારા
આશો શીઘ્ર પ્યારા પુરમાં તમારા આવ્યા દિન સારા પધારો
મન ધાર્યું થયુ મારા પેખી મુજ પ્રાણુ પ્યારા
પ્રીયા બોલ તારા લાગે ખુબ સારા
આવ્યા દિન સારા પધારો પ્રાણુ પ્યારા
પ્રેમ પ્રયોધ્ધી પુન્ય નિધિ ગુણિયલ ગરીબ નિવાજ
કઠિણુ કાકીના કષ્ટથી મુક્ત કરો મહારાજ
તુ વ્હાલી છે હારા આંખોતણા તારા
આવ્યા દીન સારા પધારો પ્રાણુ પ્યારા

૫૩

દુઃખી દુઃખ તણા દરિયામાંહે કોઈ ઉગારો દીનદયાળ-
હવે તો સાંભળી પ્રધાનજાને [illegible] અરજ [illegible]..

મુજને કોઇ ઇલાજ નથી સુજતો રે. સોચું દિલવિષે દિનરેન. દુખી.
ખુબ રૂદન કરી. રાગનું. મનહરૂં. અને મારૂં કામ પૂરૂં કરૂં.
હોયજો વીર પુરૂષ. પરાક્રમીરે તે તોલે અબળાની સંભાળઃ દુખી
જોપ્રધાનજી અહી આવેતો પૂરો લાભ ફાવે: કરી ખોટાભાવ ને
વાણી દુઃખ દાવ
આવો અબળાને ઉગારવા રે હોયજો વીર પુરૂષ કોઇ આંય દુખી.
દુખી દુઃખણી ઉભી દ્વારરે (૨) ઉભી ઉભી કરૂં પોકારરે,
દુ દુઃખણી દુખી

૫૪

જાણી તારી વાતો સઘળી મેં તો. તું છે નફટ.
નિમકહરામી ... હટ ... હટ ... હટ
દુર ગુણનો તું છે ભંડાર જાણે નહિં કાંઇ સારા સાર
પરનારીથી રાખે પ્યાર—ફંદી તુજને. ફટ...ફટ...ફટ

૫૫

અરે કુંવર ફરો નહી કાંવિચાર. સિહ કદિ કરે નહી વાસનો શીકાર. ટેક
નિરદોષી ને દોષિત કરતાં લાજો નહી કેમ તમે ઉરમાં લગાર. ટેક
દુરાચારી. દુઃખકારી. અવિચારિ. ટેવનારી. છે નકારી.
ફરો કાંઇ વિચાર વિચારિ, ... સિહફંદી.... ફરો.

૫૬

મન ચાહ્યું રે. યજ્ઞમન ધાર્યું, સઘળું [illegible]

પડ્યો છે જુદાગરો હવે ગે જાનુનો કેવિરહી કીધી છે મેં પેરે.
મારી મુરાદ સહુપાર પડી છે કેવું વાળ્યું સારીપેઠે પેરે.
ઇશ્વરે મારૂં કાજ સુધાર્યું આજે થઇ ગઇ લીલા લેરે.

૫૭

આનંદનો દીન આજછેમારે દિવસ ગયા દુ:ખકારી. આનંદ.
પ્રીતમ સંગે આજ જવાની. જલદી કરૂં છુ તૈયારી. આનંદ
આજમારે ઉછરંગ અતિશય. જાણે અનેક દિવાળી. આનં

૫૭

આજ મારા હૈયામાં હુલાસ. ચિત્તમા મળવાની ચટપટ
અતિ ઉમંગ સ્નેહ સંગથી. જાઉં પ્રીયાની પાસ. આજે
સત્વરજાઉ નહી વિલંબ કરૂ સુખેથી જઇને
લાવું સુંદરિને સંઘ લાવું
લગની લાગી છે એની મુજ મનમાં નિરખું વદનરસાળ. આજ મારા

૫૮

આશું દુ:ખ દિધું ગરિબ નિવાજ પ્રગટ્યો શોક સમાજ
બગડ્યું સરવે કાજ. આજ આજ આજ આજ આજ
વ્હાલી વિયોગથી તાપ. લાગીમારે ઉરલાય.
દાદ સુણિ જગરાય. સુખઆપો દુ:ખ જાય.
મ્હેર કરી મહારાજ. આજ. આજ. આજ. આજ. આજ

૬૦

અરરરરરરર હવે દુખ ...

થરરરરરરર ધરતી મુજે સર સરિત સુકેસહી ... ટેક
વળિ નકરે પતીજ મારી. કોઈજન જગમાં ફરી:
થાય નિંદા લોકમાં બહુ આબરૂ રહે નહિ જરી ... અર ર
નામ લાજે મારૂં જો આ કૃત્યથી હારૂં કદી.
મેળવું એ નારી એને સત્યવચન કહુ વદી.અરર.

૬૧

જિવન દોરી ગઈ છે ચિત્ત ચોરી.
કામની કામણગારી. છબિઆન દકારી.
વિસરેનાં વિસારી. ગઈછે કાળજુ કોરી કોરી. જિવન
એના પાખે તમામ ધન તો હું પણ પ્રીતી એના યકીજોડ
જોડ જાતાં સુખો નહી છોડું. ધરિ ઉમગ. ધરિ ઉમંગ.
એના સંગ. રમું રંગ અંગ અંગમાં અભગછે અનગના તર
સુમસંગ રાયસંગ કરૂજંગ. સેન જોડી જોડી જિવન

૬૨

ચિત્ત ચાહી તમારૂ કામકરનારો.
જેવો તેવો જાણુઉછું પણ.સૌને છે તરનારો.
હુતો ચોરો માંહી ફરનારો. તમારૂંકામ.
સોંપો કામ સુખેથી મુજને.જેધાર્યું.હોય આપે મનમા
જુઓ કરૂંછું કેવી [illegible] [illegible] પલમાં.
[illegible] લડનારો. [illegible] ચિત્ત.

૬૩

અરે સહુ હાલો ધરી મન હામ અરે પસે મળશે મસ્ત આરામ
અરે હોવે હોવે હથારીયે કામ— કામ
કરો તૈયારી ઝટ તમામ
પાર પાડો ઉરનો અભિલાખ
અસરફિ મળશે એક લાખ
મ્હેલા દેજો શુભ સમાચાર જાઓ હવે કરો કેમ વિચાર

અંક ૩ ત્રીજો,

૬૪

નથિરે ધરાતી ધીર લગારે વિશ્વપતી તું ચડય મુજ વારે. ટેક
બનિરે હવે હું બહુ દુઃખિયારી રત્ન અમુલ્ય હું હાથથી હારી
પાને પડયો કયાંથી આ મુર્ખ મારે— નથિરે
ફરૂ રે હવે શુ કયાં જઉં આજે આ દુઃખ દેખી મુજ [illegible]
વિરહ થકી વિલખાં અતિ મારે— નથિરે

૬૫

બનાહુ મેં બના હું દિલગીરીસેં દિવાના
મોઆંકી મ્હેર હુસે મીઠીથી એક મેરી
મુનેકું છોડ બનમેં [illegible] સો નમેરી—
રહા નહિં [illegible]
[illegible]

મેં બેંડા બનકે ભટકુ પોકારૂં પ્યારી પ્યારી.
કમા તકદીરે બલકીના ગયા મેં હીંમત હારી— બનાકુ
ઉર ધીરજનેક ધરેના મન કોઉ ઠોર ઠરેના
અબ કોન જગાપે રહેના યે સંકટ કબતક સહેના બનાકું

૬૬

થૈ દૂર (૨) દીધું દુઃખ પૂર બન્યો ચકચૂર
નથી ચિત્ત ચેન સતાવે મેન ઝરે નિર નેન દુઃખી દિન રેન.

૬૭

મુજ પ્યારી વિનારે અહીં ચિત્ત ચચલ ચેન પડેજ નહીં— મુજ
વ્હાલી વિયોગ તણાં શર વાગે શોક સમુહ સમેન સહી— મુજ
આંસુ રૂધિર બળી ભસ્મ થયું સહુ આગ ભભુકે ઉર મહીં— મુજ

૬૮

સુખનારે ઉપચાર સહુ સુખ દાનજે
સો ગયાં મારી પ્રાણુ પ્રીયાની સાથ હવે નિરૂપાય બનિને,
વનમાંરે ભટકુંછું સંકટ ભોગવી.
અરે એક દિવસ એવો પણ હતો કે ચંદ્ર મુખી પ્રીયાના ચંદ્ર મુખનુ
અમ્રરામૃત કરી અત્યાનંદ પામતો
એજ વ્હાલીનો આજ વિયોગ વિતાવતાં
જાગે મારા ઉરમાં જાલીમ ત્રાસ— હવે
એ માનુનીને માટે રાજ્ય પાટ સુખ સંપત્તિનો પરિત્યાગ કર્યાં તોય
સહુ કાંઈ થયું ન એકે આવિઈ
હે સહુ મુજ ઉરની સહેજ આશા— હવે

ક્યાંથી આવ્યો ઓ વાણિયા બની ગીદ જમરાય [illegible]

જુઓ જુઓ ભાઈઓ [illegible] મુખ [illegible]

લજામણુ બનુ લાવે નકામુ

ચડયા શી ટમને—હાય—હાય હેય—

કુબુદ્ધિ તણો ભંડાર [illegible]

હવે—હાડી—હાડી—[illegible]

અરે નઠારા [illegible]

અરે હુ બાળ અરે હુ બાળ—[illegible]

મદ અરે હરામી સાહેરા

જવાદિયો જાણી ગરીબ

ન બોલ્ય તુ હરામખોર

અરરર શુ દયા ધરાન

એવી યાવસે દયા

હાયરે દુશા રી આજ [illegible] થઇ પ્રભુ

૭૨

અરે પ્રભુ મારી આસી દશા [illegible] આંહી

પાંપ નડ્યાં [illegible]

[illegible]

આ દુઃખમાંથી બચાવોને હવે હૃદય જાય છે ચિરાઇ—પાપ
દુઃખયારીને દુઃખ શું દીધું રે—રે—લુટી લીધું સૌ સુખ મારૂં
હોશ હૈયાની રહી હૈયામાં ધીરજ કે પેરે ધારૂં
પડી છું મહા દુઃખ પાસમાં આ વિપત્તિના વાસમાં
તલપું છું પાપી ત્રાસમાં જગદીશ એક શરણ તારૂં   હૃદય

૭૩

મેડઆનો ઉધા કરી મારો નહાંગે
આંધો એને
ભલે લુટી લીધો પણ આંધો નહિરે
સોડિયે ચ્યમ
હાથ જોડી ટમોને પગે લાગુ રે
સાનોરે બેહર
મુકી દીધો ભાઇસાબ હું તો મારા માગુ રે
તમેં મારા વિના મુકનાર નથી રે

૭૪

અરે ચડાલો ચિત્તમાં કરો ન કાંઈ વિચાર વિણુ મોતે મરી જઈએ
કાં (૨)
કેરથી—પેરથી—ઝેરથી—વેરથી—ઉધડાઓ ચમકાર અરે
જીવ લઈ ભાગી જાઓ સઘું કહું કરી અરે
હમણા મારી કરે [illegible] છે દિલ [illegible]

૭૫

સૌને બોલાવો બોલાવો સાહેલી મારી
રમતના ફંદમાં ફસાવો સાહેલી મારી
પૈસા પાડી લ્યો પ્રીતેથી સાહેલી મારી
એ છે સાહુકારોના છૈયા—સાહેલી મારી
જુગટાના શોખી જણાય છે —તમામ
કપટ કરીને ધન્ય હરવા તત્પર થા મદિરા પ્યા
દુઃખ જનવા સુખ થાવા સૌને

૭૬

અલ્યા પૈસાનુ હોસે ગલામ ગલામ (૨)
પૈસાને કાજે મોટા જોગી રાજે ભટકે દાડી ગામોગામ
પૈસાને કાજે આપણુ આજે ઉકરડીની પાહે ફંડામાં જઈયે
જઈને તમામ ઉધારવા કામ કરીયે હલામ—હલામ.
જુગટુ રમીઉ દારૂ પણ પીઉ છતી હું પૈસાને હામ—હા

૭૭

બગે છે રીસે શાને તું હારી ગયો છે
અરે—થયું—થયું—થયુ—બોલ્યું
હું હાયા નથી નકી પડી છે મારે લજ્જા
ભટ——ભટ——ભભ——ભભભભ
નહિ નહિ નહિ જાવ જુગાર પાપા

મેં શઠતાં સરવે તારી જાણી
નહી બોલ્ય—બસ—બસ જા લુચ્ચા જાણું છું તને
શઠ હુંવો પડયો છે તારે—કેમ જુઠા બોલ ઉચ્ચારે
ચુપ—ચુપ—લુચ્ચા ચુપ—ચુપ—ચુપ

૧૮

કરવો કોણ ઈલાજ મારે———કરવો
મેતો નાહક ખોઇ લાજ મારે———કરવો
કલેશ કરાવ્યો તોય ન ફાવ્યો
દેશ તજી પર દેશમાં આવ્યો
મારા નીચે મુજને ભરમાવ્યો
ગાંઠનો પૈસો તમામ ગુમાવ્યાં
સંકટ સાગર માંહી ડુબાવ્યો
હાય હવે શું કરવું
ઉર પ્રગટયો શોક સમાજ મારે

૧૯

નાશી જઇયે ચાલો જલદી અહીંયાંથી
અહીંયાંથીરે અહીંયાંથી———નાશી
અહીં રેવા થકી રેશે નહી માન
ભૂપતમાં ત્રાસથી જલી જાઇશું પ્રાણ [illegible]
જુગટું રમીને લટયા છે શાહુકાર [illegible]

એ ગુનાથી ત્રુટિ દેશે બરબાર — નાકુ[illegible]
નિરખતાં નીચ-કૂલ કોપશે નરેશ — [illegible]
કેદ કરી સંકટ પમાડશે અશેષ — નાકુ[illegible]
કહ્યું જો માનશો નહીં તો કષ્ટ પામશો સહી
ગુમાવશો આબરૂ બાપ કે પાસે રેસે ન પાઠ
પાશોરે બદનામ બરાબર થાશો (૨)

૮૦

અરે પકડો જલદીથી લગાડો ન વાર
બાંધો લુચ્ચાઓને ઉર ડરો ન લગાર
સપાઈ સાબ મુકી દીયો અમને
લાંચ આપીશું ઘણીયે તમને
કરીશું ન આવું કામ હવે બીજી વાર— સિ[illegible]
લાંચ અમે કોઈની નથી લેતા
લીયો સાબ ઓછું નથી દેતા
અરે તુ—બકે શું એવો હું
મારો મારો ખુબ માર—કરો કરો કાં વિચાર—

૮૧

વાના નાનપણથીરે પામ્યું દુઃખ ભારી
[illegible]
દુષ્ટ શિર ધરે નિંદા ભારી

તેમ નથી મુજ સાસુનું મુજને સુખ લગાર
નણંદી છે નઠારીરે વિંધે વચનો શરથી
આશક છે મુજપર અતિ મુજ સસરો રસગાસ
તેથી મારી દિયરને કાઢું સઘળી કામ
સસરાજીની સગેરે પછી મોજ મન ધારી
હું કરિશ હમેશાંરે કહુ વાત વિચારી.

૮૨

જનમ ધરી ફીરતાર જગત પર જનમ ધરી ફીરતાર
સુખ દીઠું ના લગાર જગત પર
જ્યાં જાઉં ત્યાં દુઃખવિણ બીજું દેખુ નહિ નીરધાર ૭૮
ઉર અકળાયે જીવ ગભરાયે આંખે છુટે અંગાર જગત
વિયોગના શર વાગે નિરંતર મારા શરીર મોઝાર જગત

૮૩

ના મળી નારીરે હો—પ્રાણથી પ્યારી
સદન કષ્ટનું મદન બનીને
દુઃખ દેછે અતિ અરરરરરરરર
આંસુ ખરત દ્રગ. ખરરરરરરરર ના મળી
કયા જનમનું પાપ પ્રગટીયું કરણી નહી જાણુ ભવની
હવે ઉગારો આ વિપતિથી. ગુણી. ગુણી. ગુણી. ગુણી. ગુણી
શીવ શીવ શીવ—ના મળી

પકડાશો કેમ વિના આપસપે જમાદાર
ડર અનાથી અપાર કરો નહીં કાં વિચાર કેમ
આવો અન્યાય ન કરો ઈશ્વરથી ડરો દયા દિલમાં ધરો
અહંકાર પરહરો આ શું કરો જરા ડરો કેમ

૮૫

મળીને મંગળ ગાઓ મનમાં મોદ ભરી
અતિ આનંદ કરી ધન્ય આજ ઘડી
વિભુયે મેર કરી ધન્ય છે આજ ઘડી વિભુયે મેર કરી
હાં હાં હાં હાં મળીને
મનોહર મંગળના સાજ સજો સર્વ સખી
લીયો ફળ નેનનું સહુ નૃપોનું રૂપ લખી
કૃતાર્થ જન્મ કરી નિહાળો ફરી ફરી (૨)
હાં હાં હાં હાં—મળીને
નિહાળો રચના [illegible] સર્વ મળી
ગ્યભની શોભા ઘણું [illegible] રત્ન [illegible]
જેમ મન મથ્થ રતી નળ દમયંતી [illegible]
એવી આ જોડ તણું મનોહર જોડ [illegible] (૨)
હાં હાં હાં હાં—મળીને

જય જય રઘુવર આમધર નગપગ [illegible]ંબર [illegible]

અભિવંદન શ્રી અવધેશ કરિયે સુખદાન સુરેશ
જય સચરા ચરના સ્વામી પ્રભુ પ્રણતપાલ ગુણધામી
સુખ કર દુઃખ હર જગપૂર તારો મહિમા અચળ અશેષ
સુખથી સંતત સંત ઉચ્ચારણ હર્ષથી ગાવત ગુણ હમેસ
શેષ ગણેશ સુરેશ ધનેશ દિનેશ હમેશ અહો અખિલેશ-
ગુણવાંન આવાં દંપતીની જોડ નિશ્ચળ રાખજે
કરુણા કરી કરુણા નિધી સૌ કષ્ટ કાપી નાખજે
અરજી છે એ અમારી પ્રભુ લીજો સ્વિકારી
અમને ભરૂસો ભારી ભક્તિ દીજો તમારી   વિશ્વંભર

